

બ્રોન્કો ચાર્લી અને પોની એક્સપ્રેસ

માર્લીન ટાર્ગ બ્રિલ

ચિત્ર: ક્રેગ ઓર્બાક

બ્રોન્કો ચાર્લી
અને પોની એક્સપ્રેસ


માર્લીન ટાર્ગ બ્રિલ

ચિત્ર: ક્રેગ ઓર્બાક



ચાર્લીની જેમ સાહસ પસંદ કરતી છોકરીઓ અને છોકરાઓ માટે - તમારા સપનાઓને અનુસરો. — MTB

મારા પિતા, ગેરીને, જેમણે ચાર્લીની જેમ, કેલિફોર્નિયાની પોતાની સફર કરી હતી— CSO




સેક્રામેન્ટો વેલી,
કેલિફોર્નિયા, ૧૮૬૦

જુલિયસ પોતાના પહેલા ઉછળતા કૂદતાં
જંગલી ઘોડા (બ્રોન્કો) પર કૂદીને ચઢી ગયો.
તે જંગલી ઘોડો ડાબી બાજુ કૂદી પડયો.
પછી તે જમણી તરફ વળ્યો.
તેણે તે 10 વર્ષના છોકરાને પોતાની
પીઠ પરથી પછાડવાનો ખૂબ પ્રયાસ કર્યો.



પણ જુલિયસે ચુસ્તપણે લગામ
ત્યાં સુધી પકડી રાખી
જ્યાં સુધી એની આંગળીઓમાં
બળતરાની સંવેદના ન થઈ.
પછી પ્રાણી ઠોકર ખાઈને પડી ગયું.
જુલિયસ જમીન પર લપસી પડયો.
તેની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.

જુલિયસ મિલરને ઘોડાઓ પ્રત્યે બહુ પ્રેમ હતો.
સૌથી વધુ, એ સાબિત કરવા ચાહતો હતો કે
એ એક કાઉબોય બની શકે છે.
જયારે એ નવ વરસનો હતો,
તો એના પિતાએ એને સમુદ્રમાં
એક નાવિક બનવા માટે મોકલી દીધો હતો.
પણ જુલિયસને સમુદ્ર પ્રત્યે નફરત હતી.
એ કેલિફોર્નિયામાં જહાજ પરથી કૂદીને ભાગી ગયો.
ત્યાં એ જુઆન નામના એક કાઉબોયને મળ્યો,
જે એક પશુપાલન ફાર્મમાં કામ કરતો હતો.
જુઆન, જુલિયસને પોતાની સાથે ફાર્મ પર લઈ ગયો.
જુઆન ત્યાં ઘોડાને કાબુ કરવામાં સૌથી શ્રેષ્ઠ હતો.
એણે જુલિયસને ઘોડેસવારી કરતા,
ગાયોને દોરડાથી પકડતા,
અને રીંછનો શિકાર કરતા શીખવ્યું.
એ જુલિયસને એ શીખવી રહ્યો હતો કે
એક જંગલી ઘોડાને કેવી રીતે કાબૂમાં લેવામાં આવે છે.
જો જુલિયસ આ ઘોડાને કાબૂમાં લઈ શકે,
તો એ જાનવર એનું થઈ જાય.



કાઉબોયના હસવાનો અવાજ સાંભળીને

જુલિયસે એના આંસુ રોકી લીધા.

એમને લાગ્યું કે જુલિયસ એટલો નાનો છે કે

આટલા મોટા અને જંગલી ઘોડા પર એ કાબૂ નહીં કરી શકે.

પણ જુલિયસે એને ખોટા સાબિત કરી દીધા.


જુલિયસ ફરી એ ઘોડા પર ચઢી ગયો

અને એના પર ટકી રહ્યો.

ત્યાર પછી, ત્યાં હાજર હતા એ લોકો

એને 'બ્રોન્કો ચાર્લી' કહીને બોલાવવા લાગ્યા.

અને એ જ નામ એની ઓળખ બની ગયું.





બ્રોન્કો ચાર્લીએ એ પહેલા ઘોડાને કાબૂમાં કર્યો
અને ત્યાર પછી ઘણા બીજા ઘોડાને પણ.
એક વરસ પછી, એ ફરી
કોઈ નવું સાહસ શોધવા લાગ્યો.
એક રાતે, એક ફાટેલા કપડાં પહેરેલો બુઢ્ઢો કાઉબોય
એની શિબિરમાં આવી પહોંચ્યો.
એણે 'પોની એક્સપ્રેસ' વિષે વાર્તાઓ કહીને
ચાર્લીને મંત્રમુગ્ધ કરી દીધો.
'પોની એક્સપ્રેસ' ના ઘોડેસવારોએ
લોકો સુધી સમાચાર પહોંચાડવાની
પદ્ધતિ જ બદલી નાખી હતી.
1861 માં, મિસૌરી અને કેલિફોર્નિયા વચ્ચે
ન તો કોઈ રેલમાર્ગ હતો કે ન કોઈ સારા રસ્તા.
એટલે કેલિફોર્નિયાના છૂટાછવાયા શહેરો
દેશના બાકીના ભાગથી સાવ કપાઈ ગયા હતા.

'પોની એક્સપ્રેસ' ના ઘોડેસવાર રણ,


પથ્થરિયા પહાડ અને ઇન્ડિયન વિસ્તારમાં થી જતા હતા.

એ આખી રાત ઘોડેસવારી કરતા હતા,

અને દરેક 15 માઈલ ની દૂરી પર બનેલા

સ્ટેશન પર એના ઘોડા બદલતા હતા.

એમણે સમયસર પહોંચવાના સોગંદ લીધા હતા.



'પોની એક્સપ્રેસ' ના ઘોડેસવાર 2,000 માઈલની દૂરી

ફક્ત 10 દિવસોમાં પૂરી કરીને ટપાલ પહોંચાડતા હતા.

એ સ્ટેજકોચ (ઘોડાગાડી) કરતા 20 વધારે દિવસ ઝડપી હતા,

અને નાવ કરતા 100 દિવસ વધારે ઝડપી!

એ બુઢ્ઢા કાઉબોયે જણાવ્યું કે 'પોની એક્સપ્રેસ' સેવામાં

ચાર્લીથી થોડી મોટી ઉંમરના ઘોડેસવારોને રાખવામાં આવત હતા.

ચાર્લીનું સ્વપ્નું હતું કે એ પણ

'પોની એક્સપ્રેસ' નો ભાગ બને.

જેવો એને મોકો મળ્યો,

એ તરત પશુપાલન ફાર્મમાં થી નીકળી પડયો.

એ એની આંખોથી પોની એક્સપ્રેસને જોવા ચાહતો હતો.






સેક્રામેન્ટો, કેલિફોર્નિયા, 1861

ચાર્લી સેક્રામેન્ટોના ધમધમતા
ખનન નગરમાં ગયો.
ત્યાં પશ્ચિમનું સૌથી મોટામાં મોટું એક પોની
એક્સપ્રેસ સ્ટેશન હતું.
ચાર્લી ધૂળિયા રસ્તેથી સ્ટેશન સુધી ગયો.
જેમ-જેમ એ પાસે પહોંચ્યો, એણે એની પાછળ
પૂરપાટ દોડતા ઘોડાના અવાજ સાંભળ્યા.

એનું હૃદય જોરથી ધડકી રહ્યું હતું.
શું એ પોની એક્સપ્રેસનો
સવાર બની શકશે?
ચાર્લી પાછળ ફર્યો.
એણે ફક્ત એક ઘોડો જોયો, જેની ઉપર
એક ટપાલનો થેલો હતો અને પલાણ ખાલી
હતું.

સવાર વગરના ઘોડાને જોવા માટે લોકો
રસ્તા પર ઉમટી પડયા.
એ ચોક્કસ પોની એક્સપ્રેસનો ઘોડો હતો.
પણ કોઈને ખબર ન હતી
કે સવાર સાથે શું થયું હતું.
"હવે તમે શું કરવાના છો?"
એક મહિલાએ સ્ટેશનમાસ્તરને પૂછ્યું.
"આ વખતે ટપાલને મોડું થશે,"
એણે જવાબ આપ્યો.
"આપણે આગલા સવારની રાહ જોવી પડશે."



બધા ચૂપ થઈ ગયા.

ચાર્લીએ એના ચિંતિત ચહેરા જોયા.

એણે ગુમ થયેલા સવાર માટે બીક જોઈ.

પણ એણે પૂર્વના સમાચાર માટેની ભૂખ પણ જોઈ.

બાજુના શહેરવાળા લોકો પણ ખબર જાણવા ઉત્સુક હશે.

એ વસંતમાં, ઉત્તર અને દક્ષિણના રાજ્યો વચ્ચે યુદ્ધ ચાલુ થઈ ગયું હતું.


મોટા ભાગના કેલોફોર્નીઆના લોકોના પરિવાર

એ રાજ્યોમાં હતા.

ચાર્લી ટોળાની આગળ ગયો.

"હું ઘોડેસવારી કરી શકું છું," એણે કહ્યું.

બધાની નજર એના તરફ ફરી.



થોડા લોકોએ કહ્યું કે ચાર્લી

બહુ નાનો લાગી રહ્યો હતો.

પોની એક્સપ્રેસના સવાર ઝડપી,


જિદ્દી ઘોડાઓને નિયંત્રણમાં રાખી શકતા હતા.

ઘોડેસવારને રીંછ, વરુ અને

રેટલસ્નેક (સાપ) નો સામનો કરવો પડતો હતો.

અને એને ઇન્ડિયન દુશ્મનોથી દૂર

રહેવું પડતું હતું.



ગોરા લોકો ઘણા વર્ષોથી

ઇન્ડિયન લોકોની જમીન ઉપર કબ્જો કરી રહ્યા હતા.

થોડા ઇન્ડિયનોએ યાત્રીઓ પર હુમલો કરીને જવાબ આપ્યો.

"જો તમે મને ઘોડેસવારીનો મોકો આપો, તો હું તમને દેખાડીશ કે હું શું કરી શકું છું," ચાર્લીએ કહ્યું.



એ પહેલા કે કોઈ જવાબ આપી શકતું,

ચાર્લીએ એનો ઘોડો એક અજાણ્યાને સોંપી દીધો.

પછી એ રાહ જોઈ રહેલા પોની એક્સપ્રેસના

ઘોડાની પીઠ પર બેસી ગયો.

સ્ટેશનમાસ્તરે ચારે બાજુ જોયું.

એની પાસે શું વિકલ્પ હતો?

એણે ચાર્લીને એક હોર્ન આપ્યું.



સ્ટેશનમાસ્તરે કહ્યું કે આગલું સ્ટેશન

પ્લેસરવીલેમાં છે.

લગભગ 50 માઈલ દૂર.

ચાર્લીએ સ્ટેશન પાસે પહોંચીને હોર્ન વગાડવાનું હતું.

એ અવાજથી ત્યાંના માણસોને ખબર પડી જાય

કે બીજા સવાર માટે એક નવો ઘોડો તૈયાર કરવાનો છે.

પછી સ્ટેશનમાસ્તરે ચાર્લી સાથે

હાથ મિલાવ્યા અને ઘોડાની પીઠ થપથપાવી.





ચાર્લી ઉપડયો!
એ એક કાચી સડક પર જતો ગયો
અને એ પહાડ સુધી પહોંચ્યો.
થોડી વારમાં શહેર દેખાતું બંધ થઈ ગયું.
ચાર્લીના ચહેરા પર એક મોટું સ્મિત પથરાઈ ગયું.
આ એક દિવસ માટે,
એ એક સાચો પોની એક્સપ્રેસ ઘોડેસવાર હતો.



ચાર્લીને એટલી ખુશી થતી હતી કે
એને લાગ્યું કે એના બટન તૂટી જશે.
પણ એ જાણતો હતો કે સવારી સરળ નહીં હોય.
પ્લેસરવીલેનો રસ્તો શોધવામાં એની મદદ કરવા માટે
કોઈ રસ્તો કે નિશાન ન હતા.
એ એક એવા ઘોડા પર હતો જેની ઉપર
એણે પહેલા ક્યારેય સવારી કરી ન હતી.
અને એને ઉભા પહાડો વચ્ચેના કુદરતી ઘાટ
કે ખીણમાં ઉપર-નીચે થઈને જવાનું હતું.

પથરાળ ઢોળાવ પર ચઢતા ઘોડો

પહેલા જ લપસી પડયો હતો.

ચાર્લીએ ઘોડાને સંભાળવા માટે એને થપથપાવ્યો.

જેવા એ એક વળાંક લઈને નીકળ્યા,

હવા તેજ થઈ ગઈ.

વરસાદના ટીપાં ચાર્લીના ચહેરા પર પડવા લાગ્યા.

થોડી વારમાં, મુશળધાર વરસાદથી

એના કપડાં સાવ ભીના થઈ ગયા.


ચાર્લીએ મુલાયમ ચામડાના


ટપાલના થેલાને સંભાળ્યો.

તેલી રેશમી કપડાંથી એના ખિસ્સા બંધ હતા.

એ જાણતો હતો કે અંદર રાખેલી ટપાલ

સૂકી જ રહેશે.





કલાકો સુધી વરસાદ વરસતો રહ્યો.

રસ્તો કીચડને લીધે લપસણો થઈ ગયો.

એક વળાંક પર, ઘોડાનો પગ

એક નાના ખાડામાં પડી ગયો.

ચાર્લી નીચે ઉતરીને એનો પગ તપાસવા લાગ્યો.

એને કોઈ હાડકું તૂટ્યું હોય એવું ન લાગ્યું.

પણ ઘોડો લંગડાતો હતો.

ચાર્લી થોડી વાર સુધી એની સાથે ચાલતો રહ્યો.

પછી એ ઘોડા પર ચઢી ગયો.

એને પ્લેસરવીલે પહોંચવાનું જ હતું,

થોડા લોકોએ એના પર ભરોસો કર્યો હતો.

જેવા એ બીજા એક વળાંક પરથી નીકળ્યા,

વરસાદ રોકાઈ ગયો.

બપોર પછીનો સૂરજ દેખાવા લાગ્યો.

થોડી વાર માટે, એક પીળા પ્રકાશથી

પહાડનું ઢલાણ ચમકી ઉઠયું.

પછી બધે અંધારું છવાઈ ગયું.

ચાર્લી ધ્રુજવા લાગ્યો.

એણે એના ભીના ખમીસને

વધારે કસ્યું.



એ પહેલા ક્યારેય રાતે

પહાડોમાં એકલો રહ્યો ન હતો.

એની સાથે હંમેશા ગાયન ગાતા કાઉબોય

અથવા ઢોરનું ટોળું રહેતા હતા, જે એને સાથ આપતા હતા.

હવે અંધારામાં એને દરેક જાનવરનો અવાજ

અને દરેક તૂટતી શાખાનો ખડખડાટ

વધારે મોટેથી સંભળાતા હતા.

ચાર્લીને એ ઘોડેસવાર યાદ આવ્યો

જેની જગ્યા એણે લીધી હતી.

એની સાથે શું થયું હશે? શું એ ઇન્ડિયન્સ હતા?

વરુ? અથવા કોઈ ગંભીર પછડાટ?





જેવા વાદળાં હટ્યા,

ચંદ્રમા બહાર નીકળ્યા.

શરૂઆતમાં, ચાર્લીને ચાંદની સારી લાગી.

પછી ચાંદનીના પડછાયા

એને ભ્રમિત કરવા લાગ્યા.

જાનવર અને પક્ષી એને રાક્ષસો જેવા દેખાવા લાગ્યા.

વૃક્ષની ડાળીઓ એને પકડવા માટે

આગળ ફેલાતી હોય એવી લાગવા લાગી.

અચાનક, ઘોડો ડરને લીધે ઉછળ્યો અને

તેજીથી ફર્યો.

ચાર્લીએ એ ડરી ગયેલા જાનવરને


શાંત કરવાની કોશિશ કરી.

પણ એની આંખોના ખૂણામાંથી,

એણે વૃક્ષની વચ્ચે કોઈને છુપાયેલો જોયો.

એ માણસે એક મોટો ડંડો ઉપર ઉઠાવ્યો.

શું એ કોઈ ઇન્ડિયન હતો?



ચાર્લીએ એનો શ્વાસ રોકી લીધો.

એણે ધીરેથી એના પટ્ટામાંથી


એક છરી કાઢી. એ એને ફેંકવાનો જ હતો

ત્યાં પવન જોરથી ફૂંકાવા લાગ્યો.

એ માણસ હલવા લાગ્યો. ચાર્લી જોરથી હસી પડયો.

એ માણસ હકીકતમાં ડાળીઓ અને પાંદડા હતા.

હમણાં માટે, ચાર્લી સુરક્ષિત હતો.



ઘણા કલાકો પછી,

સૂર્યોદય થયો.

ચાર્લી એક પહાડની ટોચ પર રોકાયો,

જ્યાંથી એક નાનું નગર દેખાતું હતું.


એ પ્લેસરવીલે હતું!

રસ્તાની છેવટની કેબિન પર

'પોની એક્સપ્રેસ' નું પાટિયું ટીંગાતું હતું.

એ કાચા રસ્તા પર ઘોડેસવારી કરતો

સીધો નગરની વચ્ચે પહોંચી ગયો.



એણે એનું હોર્ન કાઢ્યું અને


જોરથી વગાડયું.


સ્ટેશનમાસ્તર કેબિનમાંથી દોડીને બહાર આવ્યો

અને એક તાજા ઘોડાની પીઠ પર પલાણ બાંધવા લાગ્યો.


લોકો તાજા ખબર મેળવવા માટે એના દરવાજામાંથી બહાર દોડયા.

સ્ટેશનમાસ્તરે ચાર્લીની ટપાલની બેગમાંથી
પ્લેસરવીલેની ટપાલ કાઢી લીધી.
પછી એણે બેગમાં બીજી ટપાલ ભરી દીધી
અને એને ફરી સીલ કરી દીધી.
એક નવા ઘોડેસવારે બેગ લીધી
અને તાજા ઘોડા પર કૂદીને સવાર થઈ ગયો.
સ્ટેશનમાસ્તર ચાર્લી તરફ ફર્યો.
એણે પહેલા ક્યારેય આટલી નાની ઉંમરનો
પોની એક્સપ્રેસનો ઘોડેસવાર જોયો ન હતો.
એણે ચાર્લીને પૂછ્યું કે
એ ઘોડેસવાર કેવી રીતે બન્યો.
ચાર્લીએ બને એટલું એને સમજાવ્યો.
પણ એ એટલો થાકેલો હતો કે
એ વધારે બોલી શકતો ન હતો.
એ માણસે એને એક પથારી દેખાડી
જ્યાં એ સૂઈ શકતો હતો.
એણે જણાવ્યું કે બીજે દિવસે રાતે એક સ્ટેજકોચ
એને સેક્રામેન્ટો લઈ જશે.
ચાર્લીએ મનમાં જ ઇચ્છયું કે એના કરતા એ
પોની એક્સપ્રેસ માટે જ ઘોડેસવારી કરી શકત.






ચાર્લી બીજા દિવસની સવાર સુધી સૂતો રહ્યો અને
જયારે ઉઠયો ત્યારે એને કકડીને ભૂખ લાગી હતી.
એણે ગરમ ભોજન કરીને એનું પેટ ભર્યું.
પછી એ સ્ટેજકોચના સ્ટોપ પર બેસી ગયો
અને સ્ટેજકોચની રાહ જોવા લાગ્યો.
સૂર્યાસ્તના સમયે, એક એક્સપ્રેસ ઘોડેસવારના
હોર્નનો અવાજ સાંભળીને એ ચોંકી ગયો.
ચાર્લી સ્ટેશનમાંથી ઝડપથી બહાર નીકળ્યો
જેથી એ સવારનું સ્વાગત કરી શકે.



પણ કંઈક ગરબડ હતી.
ઘોડેસવાર એક બાજુથી બીજી બાજુ ગબડી રહ્યો હતો,
અને પલાણ પર ટકી રહેવાની કોશિશ કરી રહ્યો હતો.
પછી એ ઘોડા પરથી નીચે પડી ગયો
અને જમીન પર ઢગલો થઈ ગયો.
એણે જણાવ્યું કે લગભગ 10 માઈલ પાછળ
થોડા ઇન્ડિયન્સે એને ગોળી મારી દીધી હતી.

ચાર્લી જાણતો હતો કે એ માણસ
હવે ટપાલ પહોંચાડી શકશે નહીં.
એટલે ચાર્લીએ ટપાલનો થેલો ઉપાડયો.
એ એક તાજા ઘોડા પર ચઢી ગયો.
અને એણે ઘોડાનું મોઢું સેક્રામેન્ટો તરફ ફેરવ્યું.
કોઈએ એને રોકવાની કોશિશ ન કરી.
સ્ટેશનમાસ્તર જાણતા હતા કે એ
કોઈ પણ પોની એક્સપ્રેસ સવાર જેટલી જ
ઝડપથી ઘોડેસવારી કરી શકતો હતો.



આ વખતે, યાત્રા વધારે સરળ હતી.
ચાર્લીને પાછા જવાનો રસ્તો યાદ હતો.
એ પહાડોના જાનવરો અને પક્ષીઓના
અવાજ ઓળખતો હતો.
વૃક્ષો અને ચટ્ટાનો પરથી પડતા
ચાંદનીના પડછાયાને જોઈને એ હસતો રહ્યો.
એને એવું લાગી રહ્યું હતું, જાણે
એ વર્ષોથી ટપાલ પહોંચાડવાનું કામ કરી રહ્યો હોય.





ચાર્લી બીજે દિવસે બપોરે
સેક્રામેન્ટો પહોંચી ગયો.
એણે એનું હોર્ન વગાડયું.
પછી એણે ટપાલનો થેલો
અને ઘોડાને સ્ટેશનના દરવાજા પર છોડી દીધા.
ચાર્લીને એક બીજા પોની એક્સપ્રેસ ઘોડા
પર જોઈને સ્ટેશનમાસ્તર અચંભિત થયો.

ચાર્લીને આશા હતી કે એ માણસ એને
ત્યાં ને ત્યાં નોકરી પર રાખી લેશે.
પણ એણે બસ એટલું કહ્યું કે ચાર્લી
ઓફિસમાં આરામ કરી શકે છે.
એ પછી એને ઘરે જવું જોઈએ.

બીજે દિવસે સવારે,

થોડા અવાજોથી ચાર્લી જાગી ગયો.

સ્ટેશન પર હાજર લોકો એક-બીજા સાથે વાતો કરી રહ્યા હતા.

એમણે કહ્યું કે ચાર્લીએ પોતાની જાતને સાબિત કરી બતાવી છે.

એ પોની એક્સપ્રેસ પર ઘોડેસવારી કરવા માટે

ઘણો કાબેલ છે.

શું એ આ નોકરી કરવા ચાહે છે?

ચાર્લી આ નોકરી કોઈ પણ વસ્તુ કરતા વધારે ચાહતો હતો!

એ જ દિવસે, ચાર્લીએ સ્ટેશન પર શપથ લીધા.

ચાર્લીએ વાયદો કર્યો કે એ ક્યારેય


લડશે-ઝગડશે નહીં, દારૂ નહીં પિયે,

અને ગાળો નહીં બોલે.

અને સૌથી નાની ઉંમરના એ પોની એક્સપ્રેસના

ઘોડેસવારે એ પણ વાયદો કર્યો કે એ હંમેશા

ટપાલને સમયસર પહોંચાડશે.



ઉપસંહાર

ચાર્લી બીજા પાંચ મહિના સુધી ટપાલ પહોંચાડતો રહ્યો. ૧૮ ઓક્ટોબર, ૧૮૬૧ ના રોજ, પહેલો ટેલિગ્રાફ સંદેશ મોકલવામાં આવ્યો. ટેલિગ્રાફ સંદેશાઓ વાયર દ્વારા દેશભરમાં ફરતા હતા. દરેક સંદેશ આંખના પલકારામાં પહોંચી જતો હતો. આઠ દિવસ પછી, પોની એક્સપ્રેસ બંધ કરી દેવામાં આવી.

ચાર્લી ઘોડા પર સવારી કરીને સાહસ કરતો રહ્યો. તેણે બફેલો બિલના વાઇલ્ડ વેસ્ટ શો સાથે દુનિયાભરમાં પ્રવાસ કર્યો. તેણે ટેડી રૂઝવેલ્ટ માટે ઘોડાઓને તાલીમ આપી, જે પાછળથી યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ બન્યા. તેણે ટેક્સાસ રેન્જર તરીકે અમેરિકાની સરહદોનું રક્ષણ કર્યું. તેમ છતાં, તેણે હંમેશા પોની એક્સપ્રેસ રાઇડર તરીકેના પોતાના દિવસોને યાદ રાખ્યા.

૧૯૩૧ માં, બ્રોન્કો ચાર્લીએ તેની છેલ્લી ટપાલ ડિલિવરી માટે સવારી કરી. ત્યાં સુધીમાં, ઘોડાઓની જગ્યાએ કાર આવી ગઈ હતી. કેટલાક લોકો વિમાન દ્વારા મુસાફરી કરતા હતા. છતાં ચાર્લી ન્યુ યોર્ક શહેરથી સાન ફ્રાન્સિસ્કો સુધી ઘોડા પર મુસાફરી કરવા ચાહતો હતો. એ બરફ, વરસાદ અને રેતીના તોફાનોમાંથી દરરોજ ૩૦ માઇલ મુસાફરી કરતો હતો. આ યાત્રામાં સાત મહિના અને ૨૩ દિવસ લાગ્યા. ૮૧ વર્ષની ઉંમરે, ચાર્લી એકમાત્ર વ્યક્તિ હતો જેણે ઘોડા પર બેસીને આખા દેશને પાર કર્યો હતો.

બ્રોન્કો ચાર્લીને પોની એક્સપ્રેસ અને તેની છેલ્લી ટપાલ યાત્રા વિશેની વાર્તાઓ સંભળાવીને શ્રોતાઓને રોમાંચિત કરવાનું ખૂબ ગમતું. તેને સારી વાર્તાઓ બનાવવાની આવડત હતી. ક્યારેક, એ વાર્તા કહેતી વખતે હકીકતોમાં થોડો ફેરફાર કરતો. ૧૯૩૪ માં, એની ઘણી વાર્તાઓ એક પુસ્તક રૂપે પ્રકાશિત થઈ.

બ્રોન્કો ચાર્લીનું ૧૦૫ વર્ષની વયે અવસાન થયું; એ પોની એક્સપ્રેસનો સૌથી લાંબા સમય સુધીનો જીવિત ઘોડેસવાર હતો. ઘણા વર્ષો પછી, એના ભત્રીજાની પૌત્રીને ખબર પડી કે એ પોની એક્સપ્રેસનો સૌથી નાનો ઘોડેસવાર કેવી રીતે બન્યો હતો. તે વાર્તા આજે પણ જીવંત છે.